
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૮ મું
અંક ૧
૫ મી ઓકટોબર

વીર સં. ૨૪૮૮
વિ. સં. ૨૦૧૮
ઇ. સ. ૧૯૬૧



सव्वत्थुवहिणा बुद्धा,
संरक्खण-परिग्गहे ।
अवि अप्पणो वि देहम्मि,
नाऽऽयरन्ति ममाइयं ॥५॥

लोहस्सेस अणुप्फासो,
मन्ने अन्नयरामवि ।
जे सिया सन्निहीकामे,
गिही पव्वइए न से ॥६॥

જ્ઞાની પુરુષો તમામ પ્રકારની ઉપાધિના એટલે વસ્ત્ર, પાત્ર વગેરે સાધન સામગ્રીના સ્વીકારમાં કે તેને સાચવવામાં આસક્તિ-મમતા રાખતા નથી. જેઓ પોતાના દેહમાં પણ મમતા રાખતા નથી, તેઓ શું બાકી નજીવી સાધન સામગ્રીમાં મમતા રાખે ખરા?

પોતાના સંયમની મર્યાદાનો ભંગ કરીને ગમે તે કોઈ પણ વસ્તુનો સંઘરો કરવાનું મન થવું, એ પોતાના ચિત્તમાં ઊંડે ઊંડે રહેલા લોભની જ ઝલક છે એમ હું માનું છું. માટે હું એમ કહું છું કે, જેઓ એવો સંઘરો કરવાની વૃત્તિવાળા છે તેઓ પ્રવ્રજ્યામાં પ્રવ્રજિત થએલા નથી, પણ સાંસારિક વૃત્તિઓમાં રાચતા ગૃહસ્થો છે.

—મહાવીર વાણી

પ્રગટકર્તા:
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૯ મું :: વાર્ષિક લવાજમ રૂ. ૩-૫૦ પોસ્ટેજ સહિત

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્શ્વનાથ જિન સ્તવન | (મુનિ મનમોહનવિજયજી) | ૧ |
| ૨ | શ્રી ગૌતમસ્વામી સ્તુતિ | (મુનિ હેમચંદ્રવિજયજી) | ૨ |
| ૩ | શ્રી જૈન ધર્મ પ્રકાશ........ | (મુનિ ભાસ્કરવિજયજી) | ૩ |
| ૪ | નૂતન વર્ષાભિનંદન | (શાહ દીપચંદ જીવણલાલ) | ૪ |
| ૫ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૪ | (સ્વ. મૌક્તિક) | ૫ |
| ૬ | ભિન્નતામાં અભિન્નતા | (બાલચંદ હીરાચંદ-માલેગામ) | ૧૩ |
| ૭ | સમાલોચના | | ૧૬ |


## ખેદકારક અવસાન

### શ્રીયુત મનસુખલાલ નાગરદાસ

શ્રીયુત મનસુખલાલ નાગરદાસ મારફતિયાનો તા. ૨-૧૦-૧૯૬૨ ના રોજ રાધનપુર મુકામે સ્વર્ગવાસ થયેલ તે અંગે અમે દુઃખ અને દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

તેઓ અત્રેથી સં. ૨૦૧૮ના આસો શુદ એકમને દિવસે કચ્છ, જેસલમીર અને કેશરીયાજીની યાત્રા નિમિત્તે લગભગ સાઠ યાત્રાળુઓ સાથે ભાવનગરથી એક સ્પેશીયલ ડબ્બામાં નીકળ્યા હતા. માત્ર બે દિવસ પછી રાધનપુર સ્ટેશને એકાએક સવારના આઠ કલાકે તેમને છાતીમાં દુઃખવા આવ્યું હતું અને માત્ર પંદર મીનીટમાં જ તેમનું પ્રાણપંખેરૂં ઉડી ગયું હતું. આવા મૃત્યુઓ આપણને સંસારની ક્ષણભંગુરતાનો ખ્યાલ કરાવે છે.

સ્વર્ગસ્થ શ્રીયુત મનસુખલાલભાઈ અત્રેની લગભગ પાંચ છ સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. આ સંસ્થાઓમાં શ્રી નવપદ આરાધક મંડળ તેમજ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળના તેઓ સેક્રેટરી હતા. તેમનું જીવન સાદુ અને સંયમશીલ હતું, તેમની ધર્મશ્રદ્ધા, કર્તવ્યપરાયણતા અને કામ કરવાની ધગશ અને ખંત સહુ કોઈને તેમના પ્રત્યે આદર ઉપજાવે તેવા હતા. તેઓ હસમુખા સ્વભાવવાળા હતા.

તેઓ પૂજાઓ સુંદર રાગથી ભણાવી શકતા હતા તેથી કોઈ પણ સ્થળે પૂજા ભણાવવાની હોય ત્યાં તેમને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવતું હતું અને તેઓ પોતાને ગમે તેવું દુકાનનું કામ હોય તો પણ તે કામ મૂકીને પૂજા ભણાવવાના સ્થળે હાજર રહેતા હતા અને તે વખતે પૂજા ભણાવવામાં રસ ઉત્પન્ન કરતા હતા.

તેમના સ્વર્ગવાસ અંગે શોક પ્રદર્શિત કરવા આ સભાના હોલમાં દશ સંસ્થાઓના આશ્રયે એક સંયુક્ત શોક સભા મળી હતી. આ શોક સભામાં લગભગ સવાસો જેટલા સભ્યો હાજર રહ્યા હતા.

તેઓ આ સભાના લાઈફ મેમ્બર હતા. સ્વર્ગસ્થના સેવાપરાયણ આત્માને પરમાત્મા શાંતિ આપો તેમ ઈચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૬ મું
અંક ૧

કારતક

વીર સં. ૨૪૮૬
વિક્રમ સં. ૨૦૧૬

# પાર્શ્વનાથ જિન સ્તવન

હે પ્રભો! મુજ પર કૃપાની આપ દ્રષ્ટિ રાખજો,
પાર્શ્વ જિનવર નાથ મેરો, કરૂં અર્જ હું તુજને,
ભવસાગરમાં ડુબતો હું, તુજ સેવકને તારજો. હે પ્રભો૦ ૧

જરા નિવારી કુળ યાદવ, સજ્જ કર્યું તેં ખરે;
સહાય હરીને તેં કરી તેમ, સહાય મુજને આપજો. હે પ્રભો૦ ૨


નાગ જલતો તેં ઉગારી, તુજ સેવક તેં કર્યો;
સંસાર દાવાનળ મહિં, બળતાં મને ઉગારજો. હે પ્રભો૦ ૩

રોગ નિવારી અજયપાળનો, નવીન જીવન તેં દીધું;
દુષ્કર્મરૂપી રોગ હરી મુજ, દુર્ગતિ નિવારજો. હે પ્રભો૦ ૪

ઉપસર્ગો કર્તા કમઠ પ્રત્યે, દષ્ટિ તુજ અમિભરી;
મુજ કર્મમલને દૂર કરવા, આપ અમિ વરષાવજો. હે પ્રભો૦ ૫

મનોહર અજારા પાર્શ્વજિનવર, શંખેશ્વર પ્રભુજી સુને;
મનમોહન ગોડી શિવદાતા, શિવ સુંદર આપજો હે પ્રભો૦ ૬

—મુનિ મનમોહનવિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ श्री गौतमस्वामिस्तुतिः ॥

卐

( ललित-वृत्तम् )

महिमशालिनं विश्वतारकं, गुणगणालयं गीतगौरवम् ।
सकललब्धिभृद्-योगिनं स्तुवे, गणधरोत्तमं गौतमप्रभुम् ॥ १ ॥

चरमतीर्थकृत्-पट्टभास्करः, मुनिततीडितः कामितप्रदः ।
सुरवरैर्नुतस्तेजसान्निधिः, विजयतेतरां गौतमप्रभुः ॥ २ ॥

गणभृदग्रणीः श्रेयसां पदं, हितकरो नृणां पापनाशकः ।
विमलदर्शनः कर्मजित्वरो, विजयतेतरां गौतमेश्वरः ॥ ३ ॥

भविकतायिनं मुक्तिदायिनं, कुमतनाशिनं तत्त्वपायिनम् ।
पतितपावनं भाविराजितं, प्रणिदधेऽन्वहं गौतमेश्वरम् ॥ ४ ॥

चरितमद्भुतं ते दयानिधे ? जडमतिः कथं स्तोतुमुत्सहे ।
तव कराम्बुजाद् दीक्षिताः समे, मुनिवरा ययुर्मुक्तिमन्दिरम् ॥ ५ ॥

गिरिवरे गतोऽष्टापदे भवान् , भगवतोऽर्चितुं स्वीयशक्तितः ।
अतुलमारवन् ! नाथ ! ते गुणान् , गणयितुं क्षितौ केन पार्यते ॥ ६ ॥

नमनतस्त्वयि श्रीगणाधिप, सकलकल्मषं नश्यति ध्रुवम् ।
पवितनाम ते यत्र राजते, भवति तत्र नो विघ्नकल्पना ॥ ७ ॥

तव पदाम्बुजे वन्दना सदा, भवतु मे प्रभो ! योगिसत्तम !
तव प्रभावतो मङ्गलावलि-, मम दिने दिने देव ! जायताम् ॥ ८ ॥

अष्टकं गौतमेशस्य, पुण्यं ध्येयमहर्मुखे ।
रचितं हेमचन्द्रेण, गुरुदेवांह्रिसेविना ॥ ९ ॥

श्रीमतो वाचकेन्द्रस्य, गणिमेरोर्निदेशतः ।
महाम्बानगरे चैतत्, कृतं स्तोत्रं प्रमोददम् ॥ १० ॥

卐

रचयिता-पंन्यासदेवविजयगणिवरान्तिषद्मुनिहेमचन्द्रविजयः ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.........

( પ્રીતલડી બંધાણી રે અજીત જિણંદ શું-એ રાગ )

શ્રી જિનેશ્વર ચોવિશને પાયે નમી,
જૈન ધર્મમાં સ્થિર રહી સદાય જો;
નરભવ પામ્યા મહાપુણ્યે કરી,
ધર્મે મનવાંછિત નિરંતર થાય જો. શ્રી જિને૦

રસનાદીક પાંચે ઇંદ્રિય વશ કરો,
મન વચ કાયે દાન શીલ તપ ભાવ જો;
પ્રગટ નિર્મળ સમકિત પામીએ,
કામાદિક કષાયનો ફાવે નહીં દાવ જો. શ્રી જિને૦

શમ સંવેગાદીક ગુણ ચાહો સદા તુમે,
જ્ઞાન દર્શન ચારિત્રનો ધરી પ્રેમ જો;
નવ રાખો જે જીભતણી લોલુપતા જરી,
નો વળી કરવો શોખ દિવાળીમાં તેમ જો. શ્રી જિને૦

દિવાળી પર્વ સાચું જીવદયાનું જાણવું,
પરને દુઃખ થાય તે ન કરો લગાર જો;
કરથી દાન કરો કરાવો સાતે ક્ષેત્રમાં,
છે જેહથી ભવસાગરતણો તો પાર જો. શ્રી જિને૦

તે જ અનંતુ છે જેહ મોક્ષ લક્ષ્મીતણું,
નેહ ધરી ધર્મ આરાધો ધરી રાગ જો:
ઉરમાં અધિકો આનંદ તેહ થકી થશે,
તેમ વળી પામો ભવદુઃખતણો તાગ જો. શ્રી જિને૦

જન્મજરા મરણથી કાયમી મુક્ત થવા,
નફટ મનને તો વશ રાખો સદાય જો;
આ નૂતન વર્ષ બે હજાર ઓગણીશનું,
પોકારી કહે ભાસ્કર લાભ જ થાય જો. શ્રી જિને૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन

શાહ દીપચંદ જીવણલાલ

વિ. સં. ૨૦૧૯ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" અઠ્યોતેર વર્ષ પુરા કરી ઓગણ- એંશી વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં મુનિશ્રી મનમોહનવિજયજી, મુનિશ્રી નિત્યાનંદ- વિજયજી, કવિશ્રી રૂપચંદ ભોજક, શ્રીયુત દુર્લભદાસ ત્રિભોવનદાસ, શ્રીયુત બાલચંદ હીરા- ચંદ સાહિત્યચંદ્ર, શ્રીમતી સુશીલાબેન ચીમનલાલ ઝવેરી, શ્રીયુત ગુલાબચંદ જલ્લુભાઈ દેરાદ, શ્રીયુત ચંદ્રકાંત પ્રાગજીભાઈ, શ્રીયુત સુરેશ શાહ, પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીયા, ડૉકટર ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, ડૉકટર વલ્લભદાસ નેણશીભાઈ, શ્રીયુત હિંતશ્રી સુનુલાલજી, શ્રીયુત બાબુલાલ મનસુખભાઇ વગેરેનો તેમના પદ્યો અને ગદ્યો માટે આભાર માનવામાં આવે છે.

વર્તમાનકાળમાં દુનિયાનું વાતાવરણ ક્ષુબ્ધ જણાય છે. ખાસ કરીને ભારતને ચીનદેશના ટીબેટ અને નેફા બાજુના હુમલાથી લડાઇનો ભય ઉત્પન્ન થયેલ છે: વળી કાશ્મીર અંગેનું સમાધાન પણ થયેલ નથી તેથી પાકીસ્તાન તરફથી પણ લડાઇ થવાનો સંભવ રહે છે.

ગત વર્ષમાં જૈન કોમને આઘાત લાગે તેવો પ્રસંગ ઉત્પન્ન થયો હતો. આપણા ગિરીરાજ શેત્રુંજય તીર્થના બે મોટા ભંડારો તુટ્યા હતા અને લગભગ બાર હજાર રૂપિયા ચોરાઇ ગયા હતા પણ સદ્ભાગ્યે થોડાક માસમાં ચોરો પકડાઇ ગયા હતા. હવે ભંડારોના સંરક્ષણ માટે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ મજબુત અને સંગીન વ્યવસ્થા કરવાની જરૂર છે.

ગત વર્ષના વૈશાખ માસમાં જૈન કોન્ફરન્સ પાલીતાણામાં ભરવાના ચક્રો ગતિમાન થયા હતા પણ અત્યાર સુધી કોન્ફરન્સ ભરાઇ નથી. અને ભવિષ્યમાં ક્યારે ભરવામાં આવશે તે નક્કી નથી. કોન્ફરન્સ વર્ષમાં એક વખત જરૂર ભરાવી જોઇએ અને જૈન સમાજને લગતા પ્રશ્નો પર ચર્ચા-વિચારણા થવી જોઇએ. અત્યારે મધ્યમ વર્ગની સ્થિતિ દિવસે દિવસે કફોડી બનતી જાય છે. તેમના બાળકોને કેળવણી આપવાના અને મંદવાડ વખતે દવા વગેરેના પૈસા આ વર્ગ પાસે નથી તેથી કોન્ફરન્સે એક ફંડ ભેગું કરવાની જરૂર છે કે જેથી આવા સીદાતા વર્ગને યોગ્ય મદદ આપી શકાય. વળી યુવાન વર્ગ યોગ્ય કામધંધે લાગી જાય તેવો પ્રબંધ કરવાની પણ જરૂર છે.

દેવનાર ખાતે આધુનિક યંત્ર સામગ્રીવાળુ કતલખાનું સરકાર તરફથી તૈયાર થાય છે તેમાં હજારો ઢોરો, બકરાં ઘેટાં વગેરે કપાશે. આવું કતલખાનું શરૂ થતું અટકે તે માટે જૈન કોમે હીલચાલ અને પ્રચાર કરવાની જરૂર છે.

શેત્રુંજય જેવા તીર્થો પર જોવા આવનારાઓને માટે તીર્થોની રસિક અને સંપૂર્ણ માહિતી આપી શકે તેવા માણસોની જરૂર છે, વળી તેવા તીર્થોની રસિક માહિતીવાળી અને સુંદર ફોટાઓથી ભરપુર પુસ્તિકાઓ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ તૈયાર કરવાની જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૪

## વિકાસ પર વિચારણા

આવો અદ્‌ભુત ત્યાગ છ ખંડના ધણી કરે, સંસારને છોડે ત્યાર પછી તેના સામું પણ ન જુએ, જમીન પર ઉઘાડે પગે ચાલતી વખત પોતાના સુખપાળ મ્યાના પાલખી કે અંબાડીને યાદ પણ ન કરે, લુખાં–સુકાં ઠંડા ભોજન ખાતાં પોતાના ભવ્ય રસોડામાં થતી અને પોતાને પીરસાતી બત્રીશ ભોજન અને તેત્રીશ શાકની રસોઇને યાદ પણ ન કરે, પાંચે ઇન્દ્રિયના વિષયો પર અપૂર્વ કાબૂ મેળવે અને અનેક સ્ત્રીઓને ભોગવનાર સ્ત્રી સામી નજર પણ ન કરે એ ત્યાગનો મહિમા કેટલો ગણવો? એણે એ ભવમાં અનેક લડાઈ લડી હતી, એણે એ ભવમાં રાજ્યાસન પરથી અનેક હુકમો કાઢ્યા હતા, એણે એ ભવમાં ચૌદરત્નો અને નવનિધાનનું સ્વામિત્વ અનુભવ્યું હતું અને એ જ ભવમાં આવો મહાન ત્યાગ કરવો, ત્યાગ કર્યા પછી એ વિષયો તરફ નજર પણ ન કરવી, એને સ્મૃતિપથમાં પણ આવવા ન દેવા એ ભારે આકરો કાબૂ બતાવે છે. ત્રિપૃષ્ટના ભવમાં એણે જે ક્રૂરપણું ધારણ કર્યું હતું, સિંહના ભવમાં એણે જે સંહારલીલા આખા વનમાં કરી હતી, તે સર્વને મૂકી દઇને એણે વિમળના ભવમાં પોતાની દિશા ફેરવી દીધી અને આ તેવીશમાં ભવમાં મહાન ચક્રવર્તીપણું મળ્યું તો પણ પોતાનો વિકાસમાર્ગ બગડવા ન દીધો. વિમળના ભવમાં જેમ રાજ્યત્યાગ કરી પુત્રને રાજ્ય આપ્યું હતું તેમ આ ચક્રવર્તીના ભવમાં પણ એણે આંતરવિકાસ ચાલુ રાખ્યો. એક સાધારણ બે–પાંચ હજારની પુંજી છોડવી પણ ભારે આકરી પડે છે. ઘરબાર છોડતાં વાત જીવ પર આવી જાય છે, તો પછી આવું છ ખંડનું રાજ્ય છોડવાની વૃત્તિ થવી એ ભારે મુશ્કેલ વાત છે અને એકાદ વખતે સહસા વૈરાગ્ય બની આવે તો તેને ટકાવવો

---

જૈન ધર્મનો અભ્યાસ કરનારાઓ માટે જેમ પોંડીચરીમાં અરવિંદ આશ્રમ, દક્ષિણમાં રમણ આશ્રમ અને સોનગઢમાં કાનજી સ્વામીના આશ્રમ આવેલા છે તેવા આશ્રમો અમુક સ્થળોએ ઉઘાડવાની જરૂર છે વળી જેઓ સન્યાસ ન લઈ શકે તેવા મનુષ્યો વૃત્ત, તપ, જપ, ધ્યાન વગેરે કરી શકે તે માટે તેવા આશ્રમોમાં અનુકૂળતા હોવી જોઈએ. વળી આવા આશ્રમોમાં ઉપદેશકો રાખવા જોઇએ કે જેઓ જૈનધર્મના સિદ્ધાંતો પર લગભગ સવારમાં એકાદ કલાક ભાષણ આપી શકે. અત્યારના સમયમાં આવા આશ્રમોની જરૂર છે કે જ્યાં ઓછા ખર્ચે અભ્યાસીઓ રહી શકે.

ધાર્મિક અભ્યાસોને વેગ મળે તે આ સભાનો ઉદ્દેશ છે. અમુક સમય સુધી બંધ રહેલ અભ્યાસ મંડળ ફરીવાર શરૂ થયેલ છે તેમાં માસ્તર સાહેબ અમૃતલાલ મોહનલાલ, શ્રીયુત ચત્રભુજ હરજીવન અને શ્રીયુત જુઠાલાલ દામોદરદાસના દર રવિવારે પ્રવચનો થાય છે.

આ નૂતન વર્ષ સર્વે લાઈફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહક બંધુઓને સુખરૂપ નીવડો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુશ્કેલ પડે છે. પ્રિયમિત્ર ચક્રવર્તીનો વિકાસ સારો થતો જાય છે, એની ક્રૂરતા દૂર થતી જાય છે, એનામાં વિવેક વિનય ગુરુસેવા અને ત્યાગ જામતાં જાય છે, એ વિષય કષાયો તરફ સાચી અરુચિ બતાવે છે એ સર્વ સાચો સંયમ અને યોગ્ય દિશાએ વિકાસ બતાવે છે. પ્રાણીનું ઉત્થાન આ રીતે જ થાય, ક્રમસર એની પ્રગતિ થતી જાય અને ધીમેધીમે એનામાં મક્કમ ફેરફાર યોગ્ય દિશાએ થતા જાય.

આ વિકાસમાર્ગને નિરંતર લક્ષ્યમાં રાખવા જેવો છે. એમાં દેખાવને સ્થાન નથી, ધાંધલને સ્થાન નથી, ગોટાળાને સ્થાન નથી. ત્યાં તો અંતરના સાચાં મૂલ્યની પરખ છે, આત્માના અંદરનાં વલણો અને પ્રવાહોને જ સ્થાન છે. હજુ પ્રિયમિત્રના વિકાસમાં ઘણું બાકી હતું, હજુ એનો ત્યાગ આદર્શની અપેક્ષાએ અધુરો હતો, હજુ એનો વાસના પરનો કાબૂ અદ્ભુત હોવા છતાં ઓછો હતો, તે બાકીનો વિકાસ આગળ જોશું. પણ જે ત્યાગ. જે વિશાળતા, જે સ્વ–પરની વહેંચણ પ્રિયમિત્રની અત્યાર સુધી થઈ હતી અને થતી આવતી હતી તે ભારે હતી, અનુકરણીય હતી, વંદનીય હતી. એમણે નયસારના ભવમાં માર્ગ સીધો સ્વીકાર્યો, પણ મરીચિના ભવમાં ગોટાળે ચઢી ગયા. અને એ ગોટાળાનો ભોગ ત્યાર પછીના કૌશિકના પાંચમા ભવમાં પુષ્પમિત્રના છઠ્ઠા ભવમાં, અગ્ન્યુદ્યોતના આઠમા ભવમાં અને અગ્નિભૂતિના દશમા ભવમાં કર્યો, ત્યાર પછી ભારદ્વાજના બારમા અને સ્થાવરના ચૌદમા ભવમાં પણ કર્યો. આ આખો વિમાર્ગ ગમનનો રસ્તો ફરી ગયો. એ વિશ્વભૂતિના સોળમા ભવથી શુદ્ધ સદ્દહણાને માર્ગે પાછા આવી ગયા અને ત્યાર પછી સંસારમાં ભાગ લેવા છતાં પણ એનો વિકાસ ખૂબ વધતો ચાલ્યો. વળી પાછા ત્રિપૃષ્ટના ભવમાં ( ૧૮ મા ) એ ભારે ગોટાળે ચઢી ગયા, દુનિયામાં નામના કાઢી પણ આત્મવિકાસ થંભી ગયો પણ નારકીની આપદાઓએ એમને ચેતવ્યા, અને સિંહના ભવમાં એણે ભયંકરતા અને ક્રૂરતા બતાવ્યા એટલે ફરીવાર નરકે જઈ આવ્યા, પણ વિમળના ભવથી એની દશા પલટાઈ ગઈ અને એને પરિણામે એ પ્રિયમિત્રના ભવમાં મહાન ચક્રવર્તી હોવા છતાં અદ્ભુત અને અનુકરણીય ત્યાગ જીવનના પાછલા ભાગમાં બતાવી શક્યા. હજુ એનો ત્યાગ માર્ગમાં વિકાસ ચાલુ રહેશે. એ એનો ખૂબ લાભ લેશે અને એની પરાકાષ્ઠા સત્તાવીશમા ભવમાં આવશે, પણ એમાં ખાસ લક્ષ્યમાં લેવા જેવું એ છે કે વિકાસમાર્ગ ઉપર બરાબર ધ્યાન રાખવાની જરૂર છે, નહિ તો રસ્તે ચઢેલ ગાડું પાછું ઘોંચમાં આવી જાય છે અને સંસાર પાછો લાંબો પહોળો થઈ જાય છે, પ્રાણી પાછો વિષયવિકારમાં પડી જાય છે અને પૌદ્ગલિક ભાવમાં ઊંડા ઉતરી સંસારને વધારી મૂકે છે. પ્રાણી એક વાર રસ્તે ચઢી જાય, એનામાં સાચી ઉંડી સદ્દહણા થઈ જાય તો એ પાછો રસ્તા પર આવી જાય છે પણ રખડપાટાનો સમય એટલો લાંબો થઈ જાય છે કે એ ગમે તે ગતિમાં ફસાઈ ખરડાઈ જાય અને સંસારને વળગી જાય. આવી રીતે અફળાતાં કૂટાતાં પ્રાણી વળી પાછો માર્ગપર આવી જાય છે, પણ માત્ર સમ્યક્ત્વ થયું એટલે આત્મભાવ તરફ બેદરકાર રહેવા જેવું નથી. અને સંસાર લાંબો થઈ જાય તો ઘણો મોટો કાળ એની આસેવનામાં ચાલ્યો જાય છે. જેણે સંસારનો નિસ્તાર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય તેણે આ વિષયવાસના અને કષાય પરિણતિપર ખૂબ ધ્યાન રાખવા જેવું છે. એક વાર પરભાવ રમણતામાં રસ વધારે પડતો લાગે કે પ્રાણી નીચો ઉતરવા માંડે છે અને અનાદિ અભ્યાસને કારણે પરભાવ એટલો તો જોર કરે છે કે ઘણીવાર એ પરભાવ લગભગ સ્વભાવ જેવો થઈ જાય છે.

નયસારના ભવથી રસ્તા પર આવેલ ગાડું બે વાર ઘોંચમાં ભરાઈ ગયું, મરીચિના ભવમાં એ આડરસ્તે ચઢી ગયું અને ત્રિપૃષ્ટ તથા સિંહના ભવમાં એ કાદવમાં ખુંતી ગયું, છતાં ગાડાનો ચલાવનાર જાગતો હતો, અંદરથી સાવધાન હતો, તો એણે ખુંતેલ ગાડાને પાછું રસ્તાસર આણ્યું અને વિશ્વભૂતિના ભવમાં જે સરસ ત્યાગભાવ દેખાડ્યો હતો તે પાછો આદરી દીધો. એનો જીવ વિશ્વભૂતિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવમાં જ ખૂબ ત્યાગને રસ્તે આવી ગયો હતો, એનું ચારિત્ર ભારે વિશુદ્ધ હતું, પણ એ ભવમાં એણે એક ભૂલ કરીને વિકાસમાર્ગને ડખોળી નાખ્યો. જો ગાયે એને શીંગડે ચડાવ્યો ન હોત અને એણે નિયાણું કર્યું ન હોત તો એ કદાચ મુક્તિમાર્ગે જલદી પહોંચી ગયા હોત, પણ વિશાખનંદીની મશ્કરી એને માટે આકરી નીવડી અને પોતે શીંગડેથી ઉપાડી જ્યારે ગાયને વિશાખનંદી પર ફેંકી ત્યારે એ પોતાની જાતને તદ્દન વીસરી ગયા, પોતાના મહાન ત્યાગને ભૂલી ગયા, નજીવી મશ્કરીને મન પર લઈ ગયા અને મેળવેલ મહાન સ્થાન અને કરેલ ભવ્ય ત્યાગને ગોટે ચડાવી દીધો. આવી આવી નાની બાબતનો સરવાળો માણસને ચારિત્રમાં સ્થિર કરે છે કે ચારિત્રથી દૂર રાખે છે અને એક એક નાનો નજીવો બનાવ દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

વિકાસમાર્ગનો વિચાર કરતી વખતે જિંદગીના નાના નાના બનાવો, તે પ્રત્યેક પ્રસંગે મન પર થયેલી અસર અને તે વખતે પરભાવમાં કેટલી રમણતા થઈ છે તે ખાસ જોવા જેવું રહે છે. નજીવી લાગતી બાબતનું પૃથક્કરણ કરતાં એ વિકાસમાર્ગ પર કેટલી મોટી અસર કરનારી થઈ પડે છે તેનો ખ્યાલ આવે છે. એટલે વિકાસમાર્ગને અંગે નાનામાં નાની હકીકત તરફ પણ ઉપેક્ષા કે બેદરકારી રાખી શકાય તેમ નથી.

અને આંટાફેરા કરવામાં નવાં નવાં સ્થાનોએ જવાનું થાય છે, ત્યાં દરેક જગોએ નવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી પડે છે, વળી પાછું એ સર્વ ત્યાંનું ત્યાં મૂકી ત્યાંથી ભાગવું નાસવું પડે છે અને આ રીતે ચકરાવે ચડેલ પ્રાણી કોઈ વાર રસ્તે આવી જાય છે. પણ આવે ત્યારે ચેતીને સન્માર્ગનો લાભ લે તો વિકાસને આગળ ધપાવે છે અને જો કતડ ચડી જાય તો ક્યાંનો ક્યાં રખડી પડે છે એ સર્વ વાત આ નયસારના ભવથી સીધા બનેલા અને રસ્તા પર આવી ગયેલા શ્રી વીર ચરિત્ર પરથી જણાય છે. સીધા માર્ગમાં પણ કેટલી અગવડો આવે છે, મીઠા વિકારો પ્રાણીને કેવા ચમકારા કરાવી દે છે અને એકાદ ગફલતી કેટલાં વર્ષો સુધી પોતાનાં ફળ આપે છે એ આખી વાત મન પર લઈ સમજવા જેવી છે અને ત્યાગનો સ્વીકાર કર્યા પછી તેમાં જરા પણ ગોટા વાળવામાં ન આવે તો પ્રાણી કેવો સુખી થઈ જવાને માર્ગે આવી જાય છે તે હવે પછી જોવાનું છે પ્રિયમિત્રના ભવમાં શુદ્ધ સંયમ પાળવાને કારણે નયસારના જીવે પોતાનો વિકાસ ખૂબ સુધારી દીધો. એ વાત ઉપરના ખુલાસાથી ખાસ મન પર આવે છે અને તે પર ખાસ લક્ષ્ય ખેંચવાનું આ પ્રસ્તુત સ્થાન છે. વિકાસક્રમમાં માત્ર પ્રગતિ જ થાય છે, આગળ વધારો જ થાય છે એ હકીકત ખોટી છે. વિકાસક્રમ એ તો પ્રયાણ છે, એમાં આગળ ગતિ પણ થાય, સ્થિર વાસ પણ થઈ જાય અને પાછળ ગતિ પણ થઈ જાય. પ્રાણી પોતે વિકાસ કરે તો આગળ વધે, પણ વિકાસને વિકારમાં નાખી દે કે ફેરવી નાખે તો પાછાં પગલાં પણ ભરે, મેળવેલ બાજી ગુમાવી બેસે અને કોઈ કોઈ વાર તો છેક તળિયે પણ બેસી જાય. માટે વિકાસ માર્ગમાં ગતિ થતી જોઈને લલચાઈ જવા જેવું નથી, એ ગતિ આગળ થતી જાય છે કે પછવાડે નાખતી જાય છે એ પણ જોવા જેવું છે અને એની વિચારણામાં સ્વપરની વહેંચણી અંદરથી કેટલી થયેલી છે અને અંતરની પરિણતિ કઈ દશામાં વર્તે છે, એની નિર્મળતા સ્વચ્છ છે કે ઘેરી છે, સફેદ છે કે કાળી છે, દેખાવ અને અંતરનો સુમેળ મળેલ છે કે માત્ર ધાંધલ બાહ્યાચાર અને દંભ છે. આ સર્વ બાબત પર ગતિના સાચો કે માનેલા સ્વરૂપ કે સિદ્ધિનો આધાર રહે છે.

### પ્રિયમિત્રનું આગે પ્રયાણ

પ્રિયમિત્ર ચક્રવર્તીએ અંતરના ત્યાગથી ચારિત્ર પાળ્યું, એણે મહાન રાજ્યના ત્યાગ પછી રાજ તરફ નજર પણ ન નાખી, એણે રાજઋદ્ધિના ત્યાગ પછી તેની મનથી આકાંક્ષા પણ ન કરી. લુખોપાખો આહાર લેતી વખતે એ રાજભોજનને સંભારે નહિ, વિહાર કરતી વખતે પોતાનાં અગાઉનાં સુખપાળ

For Private And Personal Use Only

મ્યાના પાલખી કે છત્રોને સંભારે નહિ. એ જાણે પોતાની જાતને ભૂલી જાય. એ ખાય તો શરીરને ભાડું ચૂકવવા પૂરતું જ ખાય, એણે ત્યાગ કર્યા પછી મોજીલાં સ્નાન ખાનપાન સર્વ છોડી દીધાં અને જાણે નવો અવતાર થયો હોય તેમ તદ્દન નિઃસંગભાવે ફર્યા, એ બેસી ન રહ્યા, એણે યોગ્ય ઉપદેશ કર્યો, એના જીવતા જાગતા દાખલાથી લોકોપર અસર પણ સીધી પડી અને એણે પોતાની પ્રગતિને વિરોધ ન આવે તેને અનુરૂપ જનતાની સેવા પણ કરી. એનો જનતા તરફનો વર્તાવ સાધુજીવનને અનુરૂપ હતો, એનાં ઉપદેશ કે માર્ગદર્શનનો ભાવ આગળ પડતો ભાગ ભજવતો હતો, એનાં આદર્શ ત્યાગના ભારે સુંદર અનુકરણીય દાખલાઓ લગભગ દરરોજ બનતા હતા અને મહાન ચક્રવર્તીનો નિર્ભેળ ત્યાગ બીજાઓને દાખલારૂપ બનતો હતો.

ચક્રવર્તી જો બરાબર ત્યાગ કરે તો સદ્‌ગતિ પણ પામે છે. આ ભરતક્ષેત્રની ચોવીશીમાં ભરત મહારાજા, શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ચક્રવર્તી હોવા છતાં તે જ ભવમાં મોક્ષ ગયા છે. જો એ સંસારના રસમાં પડી જાય તો બ્રહ્મદત્ત-ચક્રીની પેઠે સાતમી નરકે પણ જાય. આગળની ગતિનો આધાર પોતાના વર્તન પર રહે છે, મન વચન કાયાના યોગોની પ્રવૃત્તિ પર રહે છે, કાર્યની ગાઢતા પર રહે છે, કષાયની પરિણતિની ક્લિષ્ટતા કે સરળતાં પર રહે છે. પ્રિયમિત્ર જેવા ચક્રવર્તી પોતાની પ્રગતિ સાધી સુધારી માર્ગ પર કાયમ થાય છે અને હજુ જો કે તેના યોગો અધુરા છે, છતાં એની શુભગતિ નિયમા બને છે અને વિકાસમાર્ગમાં એ પ્રગતિના પંથે આગળ વધતા જાય છે.

પ્રિયમિત્રે એક કરોડ વર્ષ ચારિત્રની આરાધના કરી, એ આરાધનામાં એણે આ વખતે કોઈ પ્રકારની ક્ષતિ બનતા સુધી આવવા ન દીધી, એમાં એનો ત્યાગ વધારે ને વધારે મક્કમ થતો ગયો, એણે તપસ્યામાં પણ ધ્યાન આપ્યું એણે અનેક જાતની આરાધના કરી, પુદ્‌ગલભાવને બરાબર પરભાવ માન્યો, દીક્ષા લીધા પછી શરીરની વિભૂષા કે શુશ્રૂષા છોડી દીધી અને ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ કરતાં જીવનનો દીર્ઘકાળ વ્યતીત કર્યો. ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું અને અન્ય આરાધના કરી પોતે ત્યાંથી સાતમા શુક્ર દેવલોકે ગયા.

આમાં વિકાસ માર્ગમાં ઉત્ક્રાન્તિ (Evolution) ના નિયમો કેવી રીતે કામ કરે છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. કોઈ કોઈ તત્ત્વજ્ઞાનીઓએ વિકાસક્રમ એવો બતાવ્યો છે કે પ્રાણી આગળ વધે તેટલો તેનો વિકાસ કાયમ થઈ જાય; એકવાર પંચેન્દ્રિય થાય, પછી તે એકેન્દ્રિયમાં પાછો ઉતરી ન જાય, પંચેન્દ્રિયમાં પણ એકવાર મનુષ્ય થાય પછી તે જનાવર પક્ષી પશુ કે જળચરની ગતિમાં ન જાય. આમ ઉત્તરોત્તર આગળ ગતિ જ થતી જાય. મનુષ્યમાંથી આગળ વધે તો દેવગતિમાં જાય, પણ એ પાછો પડે નહિ, સરોવરમાં ૨૦ ફીટ પાણી ચઢ્યું તો તેમાં વધારો થાય, પણ પંદર કે દશ ફીટ થાય નહિ. આ સંબંધમાં જૈન તત્ત્વજ્ઞાન અને દ્રવ્યાનુયોગ કહે છે કે વિકાસમાં પ્રાણી આગળ વધે અને કદાચ જો તે વિષય વિકાર કે કષાય પરિણતિમાં પડી જાય તો પાછો પણ પડી જાય, પંચેન્દ્રિય મટીને એકઇન્દ્રિય ગતિ જાતિમાં પણ જાય અને મનુષ્ય પ્રાણી પાપાચરણ કરે, ક્લિષ્ટ જીવન ગાળે તો પશુ પક્ષીમાં પણ જીવ, જીવાત કે વનસ્પતિમાં પણ જાય અને અનંત નિગોદને થાળે પણ પડી જાય. એટલે વિકાસક્રમમાં પ્રગતિ સાથે પશ્ચાદ્‌ગતિ રહેલી છે. અને આપણે પંચેન્દ્રિય મનુષ્ય થયા એટલે ખાટી ગયા અને આવતા ભવમાં કાંઇ નહિ તો મનખાદેહ તો જરૂર મેળવશું એમ માનવાનું કારણ નથી. આ નયસારનું ચરિત્ર બતાવે છે કે ત્રિપૃષ્ટ જેવો વાસુદેવ સાતમે નરકે પણ જાય અને હિંસક સિંહ ચોથી નરકે પણ જાય. આ વિકાસક્રમની ગતિ આગતિ અને ઉત્ક્રાન્તિ અપક્રાન્તિ લક્ષ્યમાં લેવા જેવી છે અને વીર ચરિત્રની પાછળની હકીકત વિચારવામાં ખાસ સમજવા જેવી વાત હોય તો તે આ વિકાસક્રમ અને ભવાંતરના સ્વરૂપની છે. ગતિ આગતિના રખડપાટાના ધોરણો પર ધ્યાન આપવાની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં ચાવીઓ છે અને કરેલાં કર્મો સારાં માઠાં ફળ જરૂર આપે છે તેનો તેમાં થતો સાક્ષાત્કાર મન પર લેવા જેવો છે, મોટા ચક્રવર્તી કે તીર્થંકરના જીવને પણ બરાબર હિસાબ ચૂકવવા પડે છે, નારકીનાં દુઃખો અને યાતનાઓ ખમવા પડે છે અને નાનામાં નાના બનાવોની અસરો તેના પર બરાબર થાય છે તેમજ માનસિક પરિવર્તનો વલણો અને વિકારોના બરાબર હિસાબ આપવા પડે છે. પ્રાણીની ગમે તેવી સ્થિતિ હોય, એ રાજા મહારાજા કે રાજરાજેશ્વર હોય, પણ એને કર્મ છોડે નહિ, નાનામોટાં કાર્યનાં ફળ જરૂર આપે અને છતાં માત્ર કર્મ એને એવો ઘેરી ન લઈ શકે કે એ ઉપર આવી ન શકે.

જેટલું કર્મને સ્થાન છે તેટલું જ પુરૂષાર્થને સ્થાન છે. પ્રાણીનું ઉત્થાન થાય ત્યારે કર્મની ઉપર એ કાબૂ મેળવી શકે છે, એ કર્મને દૂર કરી એનાથી ઉપરવટ થઈ શકે છે અને અંતે સર્વ કર્મને હઠાવી દૂર કરી એનાથી મુક્ત થઈ જાય છે. સમવાયી કારણોમાં કર્મ અને પુરૂષાર્થનો આ પરસ્પર સંબંધ સમજવામાં આવે તો જૈન તત્ત્વજ્ઞાનની એક અગત્યની ચાવી સાંપડે તેમ છે. બાકી સમવાયી કારણો કાળસ્વભાવ નિયતિ(ભવિતવ્યતા)ને સમજવા સહેલાં છે, પણ કર્મ અને ઉદ્યોગનો અન્યોન્યભાવ ન સમજાય તો કોઇ કોઈવાર જૈન તત્ત્વજ્ઞાન કર્મવાદી છે એમ લાગી જાય તેવું છે. જૈન તત્ત્વજ્ઞાનમાં પુરૂષાર્થને મુદ્દામ સ્થાન છે અને જૈન તત્ત્વજ્ઞાન માત્ર કર્મવાદી ન જ હોઈ શકે એ વાત સમજવા જેવી છે અને પૂર્ણ વિચારણાને અંતે બેસી જાય તેવી છે. કર્મ પોતાનાં ફળ જરૂર આપે છે, પણ તેટલા ખાતર જૈન તત્ત્વજ્ઞાનને કર્મવાદી ન કહી શકાય. જ્યારે પ્રાણીનું ઉત્થાન થાય, તેમ કરવાનો તેનો દૃઢ નિશ્ચય થાય, ત્યારે કર્મોને ઉદ્વર્તન સંક્રમણ આદિથી પરાવર્તાવી શકાય છે, સમુદ્દ્ઘાતથી એને ભોગવી શકાય છે અને ઝપાટાબંધ એના પર સામ્રાજ્ય મેળવી શકાય છે. માત્ર તે કરવાની ભાવના અને નિર્ણયશક્તિ જોઇએ. બાકી આખું સંસારનું બંધારણ એવું છે કે માત્ર જૈન તત્ત્વજ્ઞાન કર્મવાદી હોય તો કદી આ સંસારચક્રનો આરો આવે જ નહિ. પુરૂષાર્થવાદ સમજવો હોય તો સિદ્ધ તરફ નજર કરવી, કર્મવાદ સમજવો હોય તો સંસારને જોવો, કાળવાદ જોવો હોય તો ઇતિહાસ તપાસવો, સ્વભાવવાદ જોવો હોય તો ભૌતક વિજ્ઞાન વનસ્પતિ વિજ્ઞાન કે પદાર્થ વિજ્ઞાન જોવા અને નિયતિ–ભવિતવ્યતા જોવા હોય તો દુનિયામાં આંખ ઉઘાડી દરરોજ રચાતો અને આપણી આસપાસ બનતો ઇતિહાસ વિચારવો, અવલોકવો અને તે પર નિગાહ કરવી. મહાવીરના પૂર્વ ભવ પર વિચારણા કરવાનો આ ઉદ્દેશ છે, એનાથી આખો કર્મવાદ સમજાય છે, પરિણામવાદ એનાથી સ્પષ્ટ થાય છે અને ભવાંતર અને પુનર્જન્મના પ્રશ્નો વૈજ્ઞાનિક પદ્ધતિએ આપણા પર સાચી અસર કરે છે. હવે નયસારના જીવનો દેવલોકમાં અભ્યાસ કરી પછી તેનો વિકાસ કેવી રીતે વધી ગયો અને એ સાધ્ય સન્મુખ કેટલી ઉતાવળથી પહોંચી ગયા એ વાત આપણે વિચારીએ.

( ૨૪ )

**સાતમા શુક્ર દેવલોકે**

ચોરાશી લાખ પૂર્વનું[1] આયુષ્ય પૂર્ણ કરી પ્રિયમિત્રનો જીવ સાતમા દેવલોકે ગયો. સર્વાર્થ નામના વિમાનમાં એની ઉત્પત્તિ થઈ. જૈન તત્ત્વજ્ઞાન પરભવ બરાબર માને છે એ વાત આ ચારિત્રના વાંચનારને બતાવવાની કે કહેવાની જરૂર ભાગ્યે જ હોય. જૈન તત્ત્વજ્ઞાનનો બોધ ન હોય તેવા માણસો ઘણી વખત પૂછે છે કે જૈનો પરભવમાં માને છે કે નહિ તેને જવાબ આ ચરિત્ર આપી રહ્યું છે. પરભવ-ભવાંતર ન હોય તો અહીં કરેલ કાર્યોનાં ફળ મળવાં રહી જાય છે, અહીં ઉત્પન્ન થતી વખતની અસમાનતાનો ખુલાસો થઈ શકતો નથી અને આખી પરિસ્થિતિમાં અન્યાય અવ્યવસ્થા અને બીનકારણી રીતિ પ્રાપ્ત થાય છે. એક રાજા થાય, બીજો રંક થાય, એક પાણી માગે ત્યાં દૂધ હાજર થાય, બીજાને પેટ ભરવાના પણ સાંસા પડે, કોઈ દિવસ પેટ

૧ 'પૂર્વ'ની ગણતરી માટે જુઓ પૃ. ૩૬ પાંચમો ભવ.

( પાછળ )

For Private And Personal Use Only

ભરીને ખાવાનું ન મળે, કોઈ વ્યાધિગ્રસ્ત રહે, કમ ક્ષય રોગીવિકારથી હેરાન થયા કરે અને કોઈ તંદુરસ્ત રહે, કોઈને ધનસંપત્તિ સગાં-સંબંધી સ્નેહીઓ મળે અને કોઈને આગળ હાથ કે પાછળ હાથ કાંઈ ન હોય. કોઈને ખાવાનું મળતું હોય તો પચે નહિ, બીજાને ખાવાની ઇચ્છા થાય તો જોગ થાય નહિ- આ સર્વની પાછળ વિચારણા છે, ન્યાય છે, ખુલાસા છે અને તે કર્મના સિદ્ધાંતથી અને ભવાંતરના સ્વીકારથી સમજાય છે. સિદ્ધાંત તત્ત્વજ્ઞાન તરીકે જન્માંતર અને કર્મના નિયમો બરાબર સમજ્યા વગર આખા જૈન તત્ત્વજ્ઞાનનો સાચો ખ્યાલ આવી શકતો નથી. જન્માંતરનો અને આગલાં કર્મોના પરિણામોનો સ્વીકાર કરવામાં ન આવે તો આખી અવ્યવસ્થા અને ગંભીર અન્યાય ચોતરફ થતો દેખાય છે.

પ્રિયમિત્રના ભવમાં કરેલ સુકૃતને પરિણામે નયસારનો જીવ સાતમા દેવલોકે ગયો. એ સાતમા દેવલોકમાં ચાર પ્રતરો હોય છે તેમાંના કયા પ્રતરમાં એમનું સ્થાન થયું તેની વિગત નોંધાયલી મળી નથી, પણ એમનું સત્તર સાગરોપમનું આયુષ્ય ત્યાં નોંધાયલું છે તે જોતાં સાતમા દેવલોકના ઉપરના ચોથા પ્રતરમાં તેમને સ્થાન મળેલું હોવું જોઈએ એમ અનુમાન થાય છે.

આ શુક્ર અથવા મહાશુક્ર નામના સાતમા દેવલોકના ચાર પ્રતરમાં આયુષ્ય અનુક્રમે ૧૪$\frac{૩}{૪}$, ૧૫$\frac{૨}{૪}$, ૧૬$\frac{૧}{૪}$, અને ૧૭ સાગરોપમનું બતાવવામાં આવ્યું છે. પ્રિયમિત્રના જીવનું આ સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમનું આયુષ્ય નોંધાયું છે. અગાઉ બીજા ભવના પ્રસંગમાં આ દેવલોક સંબંધી સ્થાનનું વર્ણન કરવામાં આવ્યું છે[1] તે પરથી ધ્યાનમાં હશે કે સાતમા દેવલોકની ભૂમિ સ્વતંત્ર અને અખંડ છે, એમાં ઉત્તર દક્ષિણ બે વિભાગ કે બે દેવલોક નથી. અહીં યાદ આપવાની જરૂર છે કે **પ્રતર** અથવા **પ્રસ્તર** એટલે મકાનના માળની જેમ સમાન ભૂમિવાળા વિમાનોની શ્રેણી જેમાં હોય તે. મતલબ એક દેવલોકમાં ચાર પ્રસ્તર હોય તો ચાર માળ છે એમ સમજવું. એટલે પ્રિયમિત્રનો જીવ સાતમા દેવલોકના ચોથે માળે રહેતો હતો એમ સમજવું.

આ સાતમા દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થતી નથી, પણ નીચેના દેવલોકની દેવીઓ ત્યાં આવે છે ખરી. વિષય વિકાર ઓછો અને માનસિક હોય છે. આખો વખત નાટકો જોવા, ધર્મધ્યાન કરવાની વૃત્તિ હોય તો ચિંતવન કરવું એ તેમનો વ્યાપાર હોય છે અને દીર્ઘકાળ એકસરખી આનંદસ્થિતિમાં મગ્ન રહેવાથી દુઃખ વીસરી જાય તેથી તેમની સદાનંદમય દશા હોય છે, પણ આનંદ પૌદ્ગલિક અને દૈહિક બહુધા હોય છે. અને બહુ મોટા સમય સુધી એક સરખો આનંદ મળે ત્યારે તેનું બહુ મૂલ્ય રહેતું નથી એનો બરાબર ખ્યાલ મરણની પહેલાં છ મહિને માળા કરમાવા માંડે ત્યારે આવે છે. તે વખતે આખું દેવ તરીકેનું જીવન સુખચેનમાં ગાળવાનો પસ્તાવો થાય છે, કોઈ જાતના તપ કે ત્યાગ ન કરવા બાબત વિમાસણ થાય છે અને ખેદ અને તાપમાં ઝુરી ઝુરીને અને માથાં પછાડીને એટલા વખતમાં એટલાં દુર્ધ્યાન થાય છે કે આખો ભવ લહેરમાં વગર વિચારે પસાર કરવાનો ઊંધો બદલો મળી જાય છે. એ વખતના દેવોના કકળાટ અને નિઃશ્વાસા જાણ્યા હોય તો દેવ ગતિનાં પૌદ્ગલિક સુખની પાછળ કેવાં પરિણામો થાય છે અને તે સુખને ખરું સુખ માનવામાં કેવી ભ્રમણા થઈ હતી તેનો ખ્યાલ આવે છે. પણ નાટકો જોવાં, ગેલ કરવાં, મનમાં આવે ત્યાં રખડપાટા કરવા અને ભુખ લાગે ત્યારે અમીરસ પીવો એ સિવાય દેવોને કાંઈ સૂજતું નથી. કોઈ વખતે તીર્થંકર દેવના ચ્યવન જન્મ મોક્ષાદિ કલ્યાણક વખતે મહોત્સવમાં ભાગ લેવા સિવાય એને ધર્મ સાંભરતો નથી, વરસો સુધી ખાય નહિ છતાં સન્કને ઇરાદા પૂર્વક ત્યાગ કરવાની એને ઇચ્છા જ થાય નહિ અને આ રીતે નિશ્ચિંત પણ અર્થ વગરના આનંદનો દીર્ઘકાળ એ પૂરો કરી નાખે છે.

૧ જુઓ અગાઉનું પૃ. ૮

પ્રિયમિત્રના સંબંધમાં થોડો ફેર હતો. એનો આત્મા અત્યારે વ્યુત્પન્ન થતો જતો હતો, એ મહાન ત્યાગ કરીને આવ્યો હતો, એની દિશા સર્વ ત્યાગ તરફ વળી ગઇ હતી, એટલે એણે દેવ સંબંધી ભોગો ભોગવ્યા ત્યારે પણ એનામાં ગૃદ્ધિન રહી. એની વાસનામાં ઊંડાણ ન રહ્યું, એનો પૌદ્ગલિક ગ્રાહ આકરો અને અકાટ્ય ન રહ્યો. એણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણ્યો. એટલે એની સન્મુખદશા રહી, એણે અન્ય દેવો સાથે ખોટી લડાઈ ન કરી, એણે અન્ય દેવોનું પોતાથી વધારે મહર્દ્ધિકપણું જોઇને તેની ઇર્ષ્યા ન કરી, એણે માનસિક વિષય સેવન તરફ સેવન બુદ્ધિએ બહુ લક્ષ્ય ન આપ્યું અને એણે કલ્યાણક મહોત્સવ પ્રસંગે અંતરના વીર્યોલ્લાસથી રસ પૂર્વક ભાગ લીધો. આવી રીતે સત્તર સાગરોપમનો કાળ એમણે સાતમા મહાશુક્ર દેવલોકે પસાર કર્યો. આ સાતમા દેવલોકમાં પોતે પણ મહર્દ્ધિક દેવ હતા એ ધ્યાનમાં રહે.

દેવતાઓ સ્વભાવથી નિમેષરહિત નેત્રવાળા, મન ઇચ્છિત કાર્યને સાધવાવાળા, અપરિમિત સામર્થ્યવાળા અને પૃથ્વી પર કોઈ વાર આવે તો સ્વભાવથી ચાર અંગુળ જમીનથી ઊંચે રહેનાર હોય છે તેમના ગળાની માળા ખૂબ લાંબી અને કરમાય નહિ તેવી હોય છે, તેઓ આપણી પૃથ્વી પર ભાગ્યે જ આવે છે, તેની દુર્ગંધ દેવોને ખૂબ લાગે છે. કોઈ વાર મહર્ષિઓના તપના પ્રભાવથી આકર્ષાઇને પૃથ્વી પર આવે, તીર્થંકરના કલ્યાણક વખતે આવે અથવા સ્નેહ વશે શાલિભદ્રના પિતાની માફક આવે. ઘણું ખરું તેમને આ મૃત્યુલોક તરફ આવવાની ઇચ્છા થતી નથી. અને નાટક ચેટકમાંથી અવકાશ લઈ પોતાનાં પૂર્વકાળનાં ઘરબાર કે સ્નેહી તરફ નજર કરે ત્યારે અહીં તો ઘણુંખરું વીસરામ થઈ ગયેલ હોય છે. દેવોનાં એક એક નાટક હજારો વર્ષ ચાલે છે અને નાટક ચાલે ત્યારે જોવાના રસમાં એ એટલા પડી જાય છે કે એને પૂર્વકાળનું કાંઈ યાદ આવતું નથી અને વર્ષો પછી નાટકના ગાળા વખતે યાદ કરે ત્યારે આ સૃષ્ટિમાં તો મોટો ફેરફાર થઈ ગયેલ હોય છે. આવાં કારણે પૂર્વના સ્નેહી સંબંધી કે સગાંને દેવો મળતા નથી, કારણ કે યાદ કરે તે પહેલાં તો અહીંની સૃષ્ટિ ફરી ગયેલી હોય છે. સાગરોપમના કાળ પાસે અમુક વર્ષો એ કાંઈ ગણતરીમાં નથી. આવા પ્રકારની દેવગતિમાં પ્રિયમિત્રે સત્તર સાગરોપમનો દીર્ઘકાળ પસાર કર્યો.

### પલ્યોપમ અને સાગરોપમ :

મનુષ્યના આયુષ્યમાં પલ્યોપમ અને દેવ મનુષ્યના આયુષ્યમાં સાગરોગમ અને પલ્યોપમ શબ્દો આવે છે. એ વર્ષની સંખ્યા સૂચવે છે. પલ્યોપમનો પ્રથમ ખ્યાલ કરીએ. પછી એને દશ કોટાકોટિએ ગુણવાથી સાગરોપમનો કાળ થાય છે. એ વર્ષ સંખ્યા છે. એની સંખ્યા ઘણી મોટી છે, છતાં એ સંખ્યાતા વર્ષ છે એ ધ્યાનમાં રાખવું.

પલ્યોપમનો ખ્યાલ કરવા માટે પ્રથમ એક જોજન લાંબો, એક જોજન પહોળો અને એક જોજન ઊંડો એવો ખાડો (પલ્ય) કલ્પીએ. એવા ખાડામાં નવા જન્મેલા એકથી સાત દિવસ સુધીના વયના બાળકના રૂંવાટા જેવા બાલથી દાબીને ભરીએ. એ એટલા જોરથી દબાવીએ કે ખાડામાં પડેલા વાળાગ્રોને અગ્નિ બાળી શકે નહિ, એમાં પાણી ઊતરી શકે નહિ. એ એક એક વાળને એક એક સમયે પાસ.નાથી બહાર કાઢવામાં આવે ત્યારે જેટલો સમય થાય તેને સંખ્યાત સમયપ્રમાણ બાદર ઉદ્ધાર પલ્યોપમ કહેવાય અને એવાં દશ કોટાકોટિ બાદર ઉદ્ધાર પલ્યોપમે એક બાદર ઉદ્ધાર સાગરોપમ કાળ થાય આ તો સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમકાળનો ખ્યાલ આપવા માટે ઉપલક્ષણ છે, બાકી એ પ્રયોજન વગરની હકીકત છે.

સદર વાળગ્રોના નાનામાં નાના ટુકડા કરવામાં આવે અને પછી પ્રત્યેક સમયે એક એક ટુકડાને કાઢવામાં આવે એમ કરતાં જ્યારે આખો પલ્ય ખાલી થાય ત્યારે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય. અને એવા દશ કોડાકોડિ પલ્યોપમનો એક સાગરોપમ થાય. સાગરોપમના સમયની સંખ્યા જેટલા દ્વીપ સમુદ્રો છે. ઉદ્ધારનો અર્થ સંખ્યા સમજવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે અદ્ધા પલ્યોપમનો કાળ વિચારીએ. દશ કોટાકોટિ પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. એકડા ઉપર સાત મીંડા ચઢે ત્યારે કરોડ થાય, એક કરોડને કરોડે ગુણીએ એટલે એકડા ઉપર ચૌદ મીંડા ચઢે ત્યારે કોટાકોટિ થાય. એના દશગણા એટલે એકડા પર પંદર મીંડાં ચઢે ત્યારે દશ કોટાકોટિ થાય. આ ગણતરી ધ્યાનમાં રાખવી. હવે વારંવાર પલ્યોપમ અને સાગરોપમનો એવડો નિર્દેશ કરવામાં નહિ આવે. દરેક પ્રકારના પલ્યોપમને દશ કોડાકોડિએ ગુણતાં તે પ્રકારનું સાગરોપમ થાય છે તે સમજી લેવું.

અદ્ધા પલ્યોપમમાં ઉપર પ્રમાણે કલ્પેલ પાલામાં સાત દિવસના તાજા જન્મેલ બાળકના બાલ ઠાંસી ઠાંસીને ભર્યા હોય તે પૈકી પ્રત્યેક બાલને સો વરસે બહાર કાઢવામાં આવે, તેમ કરતાં એ પાલો ખાલી થાય ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ કાળ પૂરો થાય. આ ગણતરી તો સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમના કાળનો ખ્યાલ આપવા માટે બનાવવામાં આવી છે તે સિવાય તેનું કાંઇ પ્રયોજન નથી. સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ કાળનો ખ્યાલ કરવા માટે સદર વાલાગ્રના નાનામાં નાના ટુકડા કરવા, અને દર સો વર્ષે એક એક ટુકડો બહાર કાઢતાં એ એક જોજન લાંબો પહોળો અને ઊંડો ખાડો જેને ઠાંસી ઠાંસીને માથા સુધી ભરવામાં આવ્યો છે એમ કલ્પ્યું તે ખાલી થાય ત્યારે અદ્ધા સૂક્ષ્મ પલ્યોપમ કાળ પૂરો થાય. આવા પ્રકારના સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમથી નારકી તિર્યંચ મનુષ્ય અને દેવતાનું આયુષ્ય ગણાય છે અને કર્મ-સ્થિતિ અને ભવસ્થિતિનું માપ પણ તેવા પ્રકારના કાળની ગણનાથી થાય છે. ઉપર જણાવ્યું તેમ દશ કોડાકોડિ પલ્યોપમ પૂરા થાય ત્યારે એક સાગરોપમ કાળ થાય છે તે ધ્યાનમાં રાખવું.

ત્રીજા પ્રકારનો પલ્યોપમ ક્ષેત્ર પલ્યોપમના નામથી ઓળખાય છે. એમાં સદર પાલાને તાજા જન્મેલા બાળકના બાલથી ભરી તેને પ્રત્યેક સમયે એક એક આકાશ પ્રદેશમાંથી કાઢતાં જેટલા કાળે સ્પર્શેલા સર્વ આકાશ પ્રદેશોમાંથી નીકળી જાય તેટલા કાળને બાદર ક્ષેત્ર પલ્યોપમ કહેવામાં આવે અને સ્પર્શેલા અને વગર સ્પર્શેલા પાલાની અંદરના સર્વ આકાશ પ્રદેશોને એક એક સમયે એક એક કાઢીએ અને પાલો ખાલી થાય ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કાળ થાય.

આવી ઘણી વિશિષ્ટ ગણના ગણિતાનુયોગમાં કરવામાં આવી છે. બૃહત્સંગ્રહણી અને ક્ષેત્ર સમાસના પુસ્તકોમાં એનો ખૂબ વિસ્તાર છે અને દ્વીપસમુદ્ર દેવ તથા નારકોનાં સ્થાનો પર્વતો-દ્રહો નદીઓ સમુદ્રનાં ગણિતો આશ્ચર્ય ઉપજાવે તેવા ચોખ્ખવટથી તૈયાર કરવામાં આવ્યા છે. ભૌગોલિક માન્યતા કેવા પ્રકારની હતી તે સમજવા ખાતર અને ગણિતાનુયોગની મહત્તા સૂક્ષ્મતા અને સ્પષ્ટતા સમજવા ખાતર આ આખો ગણિતાનુયોગનો વિષય સમજવાની જરૂર છે અને મુરબ્બી કુંવરજીભાઈ આણંદજીએ તૈયાર કરેલ બન્ને પુસ્તકો 'શ્રી લઘુક્ષેત્ર સમાસ પ્રકરણ' અને 'શ્રી બૃહત્સંગ્રહણી' (પ્રસિદ્ધ કર્તા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા) ખાસ વિચાર કરી સમજવા યોગ્ય છે. અસંખ્ય દ્વીપસમુદ્રની ગણનાની સૂક્ષ્મતા ખૂબ વિસ્તૃત છે અને જર્મન ભાષામાં એ વિષયના પુસ્તકો ત્યાંના સ્કોલરોએ ચિત્રો અને સમજણ સાથે બહાર પાડેલા છે.

### કાળચક્ર

એક **કાળચક્રમાં** છ આરા ચઢતા હોય છે અને છ ઊતરતા હોય છે. ચઢતા આરામાં વસ્તુ રસ કસ અને સુખ શાંતિ વધતાં જાય છે અને તેવા છ આરાને **ઉત્સર્પિણી** કાળ કહેવામાં આવે છે. આવા ઉત્સર્પિણી અર્ધ ચક્રનો કાળ દશ કોડાકોડી સાગરોપમનો હોય છે.

ઉત્સર્પિણીના પ્રથમ આરાનો કાળ ૨૧૦૦૦ વર્ષનો હોય છે, એનું નામ **દુષમ દુષમ** આરો કહેવાય છે. ઉત્સર્પિણીના બીજા આરાનો કાળ પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે, એનું નામ **દુષમ** આરો કહેવાય છે. લોકોની સુખ સંપત્તિ આત્મબળ વધતાં ત્રીજો **સુષમ દુષમ** આરો આવે છે, તેનો કાળ બેંતાળીશ વર્ષ ઊણા એક કોડાકોડિ સાગરોપમનો હોય છે, તેમાં ચોવીશ તીર્થંકર અને તેની સાથે મળીને ત્રેસઠ શલાકા પુરુષો ઉત્પન્ન થાય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભિન્નતામાં અભિન્નતા !

( લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

જગત એક વિલક્ષણ અને વિવિધતાથી ભરેલુ અજાયબ ઘર જેવું છે. જ્યાં પરસ્પર વિસંગતિ, ભિન્નતા અને અસ્થિરતાનું ઘર છે એમ જો કોઈ કહે તો એમાં જરાએ ખોટું નથી. માનવોમાં જ દૃષ્ટિક્ષેપ કરીએ તો આપણને અનુભવ થશે કે એક ઠીંગણો તો બીજો ઉંચો, એક કાળો તો બીજો ગોરો, એક રૂપ સુંદર તો બીજો કુરૂપ શિરોમણિ, એકનું નાક મોટું તો બીજાનું નાક શોધવું પડે, એકની આંખો કમલદલ જેવી તો બીજાની કોડી જેવી, એક નિરોગી તો બીજો મહારોગી, એક બળવાન તો બીજો હવાથી પણ ઉડે એવો. એવી વિવિધ ભિન્નતાઓ તો અનેક રીતે ગણી શકાય. ત્યારે એમાં એકતા કે અભિન્નતા શોધવાનો પ્રયત્ન શા કામનો ? અને અનેક પ્રયત્ન કરતા પણ એમાં ઐક્ય જણાવવાનો સંભવ છે શું ? એ ભિન્નતા આપણે મટાડી શકીએ એમ તો છે જ નહીં. ત્યારે એમાં અભિન્નતા અને ઐક્ય જોવાનો કીમીયો કેવો હોઈ શકે એ માટે આપણને ગુંચવાડા જેવું લાગે. પણ મહાજ્ઞાની જૈન શાસ્ત્રકારોએ માનવો માનવોમાં તો શું પણ પશુ પક્ષીઓ અને વનસ્પતિ, કૃમિકીટકોમાં અને માનવોમાં પણ એક દૃષ્ટિથી ઐક્ય અને અભિન્નતા જોઈ શકાય છે એવો સુંદર માર્ગ શોધી કાઢ્યો છે. અને એ છે અનેકાંતવાદ. એને વાદ કહેવો એ પણ ઉતાવળીયુ જ ગણાય. કારણ એમાં સંદેહ અગર ભિન્નમત પ્રવાહને સ્થાન જ નથી. ઉલટાની એ એક દૃષ્ટિ વિશેષ છે, એ એક અજોડ તંત્ર છે. એને તોડવા માટે અનેક વાદિભુવોએ અનેક બાલિશ પ્રયત્નો કરેલા છે. પણ એમાં છેવટ તેમ કરતા તેઓ જ ઉપહાસને પાત્ર થએલા છે ! કારણ એમાં મતમતાંતર નથી. એમાં વાદવિવાદને અવકાશ જ નથી. એમાં કોઈના મતાગ્રહની વાત જ નથી. એ સાંપ્રદાયિક દૃષ્ટિ નથી. અમુક વસ્તુ ઉપર વિશ્વાસ રાખો એવો એમાં આગ્રહ નથી. એ દરેક વિજ્ઞાનને કે યુક્તિવાદને માન્ય કરવું જ પડે એવું નિરપવાદ સત્ય છે. બે અને ત્રણનો સરવાળો પાંચ જ થાય એમાં જેમ કોઇ જાતની શંકાને સ્થાન ન હોય તેમ અનેકાંત દૃષ્ટિ માટે કહી શકાય. એ નિર્મળ સત્ય જગત આગળ તેના સાચા રૂપમાં મુકવાની જ ખામી છે. એ જો જગત આગળ તેના શુદ્ધ સ્વરૂપમાં મુકવામાં આવે તો જગતમાંના અનેક સંઘર્ષો ક્ષણવારમાં નષ્ટ થઈ જાય. પોતાને એ દૃષ્ટિના વારસદાર કહેવડાવનારાઓમાંથી પણ કેટલાએક બંધુઓ પોતાના મતાગ્રહને વશ થઇ ભીંત ભુલે છે. અને અનેકાંતની જય બોલાવના બોલાવતા પોતે એકાંતવાદના જ ગુણગાન કરે છે. અને પ્રત્યક્ષ અભિન્નતામાં ભિન્નતા જોવાનો પ્રયત્ન કરે છે. અને જે વસ્તુ સુસંગત હોય તેને જ વિસંગત અને સંઘર્ષનું મૂળ કરી મૂકે છે. ત્યારે અનેકાંતદૃષ્ટિ શું છે તે જોવા માટે આપણે પ્રયત્ન કરીએ.

આપણો મુદ્દો વિશદ કરવા માટે આપણે બીજું દૃષ્ટાંત જોઇએ. એક ટેબલ ઉપર એક પુસ્તક મૂકેલું છે, તે ઘણું સુશોભિત અને સુંદર છે. તે જોવા માટે ઘણા લોકો ભેગા થયા છે. તેમાંથી એકે તે પુસ્તક જોયું અને તેના બાઇંડીંગનો પ્રકાર શોધી કાઢ્યો અને તે બાઇંડીંગ કરનારના ગુણદોષનું વિવેચન કર્યું. બીજાએ તે પુસ્તકના કાગળો તપાસી તેનો સાઇઝ અને પુસ્તકના કેટલા ફાર્મો થયા તે તપાસી જોઇ, કાગળના વજનનો નિર્ણય કરી લીધો. ત્રીજા ભાઇએ કાગળ ઉપર વાપરવામાં આવેલ શાહીનો વર્ગ શોધી લીધો અને તેના ભાવનો નિર્ણય ગોઠવ્યો. ચોથાએ પુસ્તક લીથો ઉપર છાપેલ છે કે ટાઇપોગ્રાફી ઉપર તેનો વિચાર કર્યો. પાંચમાંએ પ્રેસનું નામ વાંચી પુસ્તકમાં કેટલા મેજરનો ટાઇપ વાપરવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો છે તેમ જ એક પેજમાં કેટલી લાઇનો બેસાડી છે તેનો હિસાબ ગણ્યો. છઠ્ઠાએ પુસ્તકનું ટાઇટલ તેમ જ અનુક્રમણિકા પ્રકરણોની વહેંચણી અને પ્રસ્તાવના તેમ જ પુસ્તકના લેખકની તપાસણી કરી તેની લાયકાત તપાસી જોઈ. સાતમાએ પુસ્તક વાંચી પુસ્તકના વિષયનો અભ્યાસ કર્યો તેમાંથી તત્વો તારવી શું બોધ લેવા જેવો છે તેનો વિચાર કર્યો અને પોતાના આચરણમાં તેમાંથી શું ઉતારી શકાય તેનો ઉહાપોહ કરી તે પુસ્તક પોતાના ગુરૂસ્થાને સ્થાપન કર્યું. આ બધા બંધુઓમાંથી કોણ સાચો અને કોણ જૂઠો ? વાસ્તવિક રીતે વિચારતા બધા જ પોતપોતાના ક્ષયોપશમ અનુભવજન્ય જ્ઞાનની દૃષ્ટિથી સાચા જ માનવા પડશે. જેની જેવી લાયકાત અને દૃષ્ટિની વિશાળતા તેવી જ શોધ તેણે કરી અને તેવો જ બોધ તેણે તારવ્યો. એમાં કોનો આપણે તિરસ્કાર કરી શકાય ? કોણ સાવ જૂઠો છે એમ બોલી શકાય ? દરેક પોતપોતાની દૃષ્ટિ મર્યાદામાં સાચા જ છે. એમાં કોઇને પણ દૂષણ આપવું એ આપણી પોતાની જ ભૂલ ગણી શકાય. પણ અનુભવ તેથી ઉલટો જ છે. આપસમાં પરસ્પરની દૃષ્ટિ નહીં ઓળખતા લોકો લડ્યા જ કરે છે. મને પોતાને સમજાયુ, મારી પોતાની દૃષ્ટિમાં જે સત્ય ભાસ્યું તે જ સાચુ. બીજાને જે સમજાયુ છે તે તદ્દન અસત્ય છે. એનો તિરસ્કાર કરવો, એને જ્યાં ત્યાં વગોવવો, એને ઉઘાડો પાડવો એ જ મારો સિદ્ધાંત અને એ જ મારૂં કર્તવ્ય છે એમ જો કોઈ કરવા બેસે તો એની દયા ખાવી એ જ આપણું કર્તવ્ય છે સર્વાંગીણ દૃષ્ટિ તો એક શ્રી પ્રભુજીની જ હોય છે. હું અપૂર્ણ છું. મને હજુ ખૂબ આગળ વધવું છે. આત્માના ઘણા ગુણો મારામાં હજુ પ્રગટ થવાના છે. સમદૃષ્ટિ થવા માટે મારે હજુ ઘણા વ્યૂહો ઉલ્લંઘન કરવાના છે. એ દૃષ્ટિ જો પ્રગટ થાય તો આત્માની ઉન્નતિમાં તે ઘણી ગુણકારક નિવડે એમાં શંકા નથી. પ્રભુની અપાર દયા, પ્રભુની સમન્વય દૃષ્ટિ, બધાઓમાં આત્મવિભૂતિનું ભાન થવું એવી દશા પ્રાપ્ત થવા માટે મારે હજુ ઘણા કઠોર ચક્રાવામાંથી પ્રવાસ કરવાનો છે. અને જગતની ભિન્નતા જણાતા છતાં એવી એક દૃષ્ટિ છે કે જેથી બધી ભિન્નતા ક્ષણવારમાં નષ્ટ થઇ જાય. બધું જ સત્ ચિત્ અને આનંદનું જ સામ્રાજ્ય જોવા મળે. અને પછી એને વિસંવાદિતા, અનવસ્થા કે ભિન્નતાના દર્શન થાય જ નહીં. બધે આનંદ અને આનંદ જ જણાય. અપૂર્ણ હોય છે તેને પોતે પૂર્ણ છીએ એવો ભ્રમ થાય છે અને પોતાથી પર બધાએ અપૂર્ણ જ જણાય છે. એને અભિન્નતાનું સ્વપ્ન પણ આવતું નથી. બધે જ ભિન્નતા જણાવાથી તેની દૃષ્ટિ દૂષિત થઇ જાય છે.

જીવ માત્ર સરખા છે. ભલે તેઓનાં તરતમભાવથી ભિન્નતા ભાસતી હોય પણ વિભિન્ન રૂપમાં હોવા છતા સુવર્ણ જેમ મૂળ પ્રકૃતિરૂપ એક જ અને શુદ્ધ હોય છે, તેમ દરેક આત્માને પોતાનો વિકાસ સાધવાનો એક સરખો જ અધિકાર હોય છે. અને ઘણી વખત આપણે જેને અજ્ઞાન, મૂઢ, પાપી, ક્રૂર તરીકે તિરસ્કારવાનો મોહ થાય છે, તે જ આત્મા શુદ્ધ આલંબન મળતાં અત્યંત વેગથી પોતાનો વિકાસ સાધી શકે છે. એટલે આત્મરૂપે અભિન્નતા તો છે જ એમાં શંકા નથી. ભલે તે ગમે તે અવસ્થામાં હોય. બીજાઓની અને આપણી દૃષ્ટિમાં ભિન્નતા જણાતી હોય તેમાં બીજાઓની દૃષ્ટિનું વિશ્લેષણ કરવાની આપણી શક્તિની ખામી જ પ્રતીત થાય છે. અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કરવાથી બધી ભિન્નતા ગૌણ બની જાય છે. બીજાઓની દૃષ્ટિ ખામીવાળી જણાય અને તે સુધારવાની આપણી શક્તિ હોય તો પ્રેમ, માધુર્ય અને દયાભાવથી આપણે તે સુધારવા પ્રયત્નશીલ થઇ ભિન્નતા મટાડવાનો પ્રયત્ન કરીએ. અને એમ કરી મધુરતા સ્થાપન કરીએ એવી શક્તિ ન હોય તો સમભાવ ધારણ કરી બીજાનો મનોભંગ, કે અપમાન કરવાનો પ્રયત્ન તો શું પણ વિચાર સરખો પણ નહીં કરીએ. એવો પ્રયત્ન કરવો એટલે સામાને સુધારવાનું તો બાજુ ઉપર રહ્યું પણ પોતાના આત્માને જ મલિન કરવાનો પ્રયત્ન કરવા બરાબર છે. પોતાના ઉત્તમોત્તમ જણાતા વિચારો

For Private And Personal Use Only

પણ બીજા ઉપર જબરીથી ઠોકી બેસાડી શકાય નહીં. તે માટે તો સામાના આત્મા સાથે સંપર્ક સાધવો જોઇએ. અને એમ કરી સ્નેહ, પ્રેમ સાધી ઐક્ય અને અભિન્નતા સ્થાપન કરવી જોઇએ ભિન્ન વિચારવાળાને દુભવીને અત્યાર સુધી કોઈ પોતાના વિચારો ઠસાવી શક્યો નથી. હિંસાના માર્ગે કોઈ સત્ય ધર્મનો ફેલાવો કરી શક્યું નથી. એમ કરવા જતા તો ધર્મના મૂળ સિદ્ધાંતનો જ તે દ્રોહ કરે છે. પોતાથી ભિન્ન વિચાર ધરાવનારા બધા પાપી, મૂર્ખ કે ધર્મદ્રોહી છે એમ માનનારાની દૃષ્ટિ જ ભિન્નતા નિરખનારી અર્થાત્ દુષિત છે. જૈન સિદ્ધાંત તો અનેકાંતિક દૃષ્ટિનો મહાન્ ધર્મ અર્થાત્ નિઃપક્ષપાતી છે.

મહાભારતમાં ધર્મરાજાને બધાઓ જ સજ્જન છે એમાં દુર્જન કોઈ નથી એવા દૃષ્ટિવાળો બતાવ્યો છે. તેમ જ દુર્યોધનને તેથી વિપરીત રીતે બધા જ દુર્જન છે એવી દૃષ્ટિવાળો ચિતર્યો છે. એમાં મુદ્દો એક જ છે કે, આપણે આપણી પોતાની દૃષ્ટિ સુધારવી જોઇએ કોઈના મહેલ કે પ્રાસાદમાં આપણે જઇએ, ત્યાં બધા ઓરડાઓ અને ખંડો જોઇએ ત્યારે ત્યાં એંઠવાડ કે અશુચી પદાર્થ નાખવાના ભાગની આપણે જોવાની જરૂર રાખતા નથી, ત્યાં તો સારૂ અને શોભીતુ હોય તેટલું જ નીરખી સંતોષ માનીએ છીએ. તેમ કોઇ પણ અન્ય પ્રાણી માટે આપણે વિચાર કરીએ ત્યારે તેમાં રહેલા સારા ગુણોની જ શોધ અને અનુમોદના આપણે કરવી જોઇએ. દુર્ગુણો કે દોષો જોવાની દૃષ્ટિ છોડી જ દેવી જોઇએ. ભિન્નતા જોનારી દોષિકદૃષ્ટિ તો ત્યાગવા લાયક જ છે. તેથી જ લોકોમાં અને પોતામાં કટુતાનો જન્મ થાય છે. અને આત્મોન્નતિના કાર્યમાં એ મોટો અવરોધ ગણાય.

માનવો એ બધાએ આત્માઓ તો છે જ. બધાઓ પોતપોતાની સમજુતીને અનુસરી અમુક મર્યાદા તો પાળે છે જ. એક યા બીજા રૂપમાં દયા તો પાળે છે જ. ભલે તે મર્યાદા ઘણી ટુંકી હોય. અનેક રૂપમાં ઇશ્વરનું અસ્તિત્વ તો તેઓ માને છે જ. અને તેમણે માનેલ ઇશ્વરને નમવામાં અને તેની આજ્ઞા પાળવામાં તેઓ પોતાનો ધર્મ સમજે છે જ. તેમની ઉન્નતિ કે સાચા ઇશ્વર તત્વની ઓળખાણ તેમને થએલી નહીં હોય, પણ એ ઓળખાણ કાલાંતરે થવાનો સંભવ તો છે જ. જેમ દરેક માનવી અમુક જાતના કપડાઓ તો વાપરે છે. તેની પદ્ધતીમાં હમણા દોષ હશે પણ તે દોષો નીકળી જઈ તે દોષ રહિત થવાનો સંભવ છે. ધાર્મિક વ્યવહાર કે આચાર ભલે દૂષિત હશે પણ તેમાં અંશતઃ વિનય, નમ્રતા, સ્વાર્થત્યાગ વિગેરે સદ્ગુણોના અંશ તો જણાય છે જ. આપણે ઐક્ય, સમન્વય કે અભિન્નતાની દૃષ્ટિ રાખીએ તો આપણે ઘણાઓને માટે દયાભાવ કેળવી શકીએ. અને કોઇને માટે પણ તિરસ્કાર કે દ્વેષ ઉત્પન્ન થવાનો સંભવ જ ન રહે. માટે જ આપણે અભિનિવેશથી ભિન્નતા જોઈ કોઈ માટે પણ ખોટી ભાવના નહીં રાખીએ એ માટે ભિન્નતામાં અભિન્નતા જોવાની કલા કેળવવી જોઇએ કે જેથી આપણે શાંતતા ટકાવી શકીએ અને બીજાને શત્રુ રૂપ નહીં પણ હિતસ્વી રૂપ નિવડી શકીએ.

સૂર્યનો પ્રખર દીપ્તિમય પ્રકાશ જોતાં આપણને તે અત્યંત તેજસ્વી અને એક અભિન્નરૂપ જણાય છે પણ વરસાદના કાળમાં તે સૂર્યકિરણો પાણીના બિંદુઓમાંથી પસાર થતા ઇંદ્રધનુષ્યના રૂપમાં જુદા જુદા રંગના વિવિધ અને ભિન્ન રૂપ ધારણ કરે છે. અગર કાચના લોલકમાંથી તે જ કિરણો પસાર થતા તેવા જ ભિન્નતાદર્શક જુદા જુદા રંગો બતાવે છે. સૂર્ય તો બધા જ જુદા જુદા રંગને એકત્ર કરી એક અભિન્ન રૂપ ધારણ કરે છે. ભિન્નતાને તે અભિન્ન રૂપમાં મૂકી દઈ તેની ઉપયોગિતા વધારી મૂકે છે. ગાયનમાં જુદા જુદા સ્વરો એકત્ર થઈ સુંદર કર્ણમનોહર ગાયન અને સંગીત ઉત્પન્ન કરે છે. ભિન્નતામાંથી અભિન્નતા જોવાની એક સરળ અને સુસંગત રીતિ છે. વૃંદવાદનના ભિન્ન ભિન્ન વાજિંત્રો એકલા ભિન્ન રાખી વગાડવામાં આવે તો તેથી આનંદને બદલે કંટાળો જ ઉપજાવે. પણ એ ભિન્ન વાજિંત્રો જ્યારે અભિન્નતા કરવા પ્રયત્ન કરે છે ત્યારે જ તેમાંથી આનંદોર્મિ ઉછળે છે. ભિન્નતામાં અભિન્નતા એમ જોઈ શકાય એ વસ્તુ આપણે જાણી અનુભવવાની છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાલોચના

**સ્વાનુભવચિંતન** : લેખક–શાહ ફતેહચંદ ઝવેરભાઇ.

લગભગ પચાસ વર્ષ પૂર્વે "જૈન આત્માનંદ પ્રકાશ"માં લખાયેલા લેખકના લેખોનો અનેકાવ્યોનો આ ગ્રંથ સંગ્રહ છે. આ ગ્રંથમાં જીવનના પ્રશ્નો પર વિસ્તારપૂર્વક વિચારણા કરવામાં આવેલ છે. શ્રી આનંદઘનજી જેવા મહાન યોગીશ્વરના કેટલાક પદોને કાવ્યોરૂપે લેખકે જે રચ્યા છે તે લેખકની કવિત્વ શક્તિનું ભાન કરાવે છે.

વિષયોનું પ્રતિપાદન વ્યવસ્થિત અને સુંદર છે. આ ગ્રંથમાં સાડત્રીશ મનનીય લેખો અને અઠ્ઠાવીશ કાવ્યોનો સંગ્રહ છે. આ ગ્રંથ શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ મારફત છપાવવામાં આવેલ છે અને શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના શુભ હસ્તે આ ગ્રંથ પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથમાં પૂ. મુનિરાજશ્રી ચિત્રભાનુ તથા પૂ મુનિરાજશ્રી જંબૂવિજયજીએ આશીર્વચન આપેલ છે. વળી શતાવધાની પંડિત શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહે લેખકના જીવનનો સુંદર પરિચય આપેલ છે. તેમજ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક સભાના હાલના પ્રમુખશ્રી મનસુખલાલ તારાચંદ શાહે આ ગ્રંથમાં આમુખ લખીને આ ગ્રંથના લેખોનો પરિચય આપેલ છે.

આ ગ્રંથના લેખક જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. તેઓ અમારા નગર–ભાવનગરના એક ધાર્મિક કુટુંબમાં જન્મ્યા છે અને ધાર્મિક વૃત્તિવાળા પિતાશ્રીની પ્રેરણા અને સંભાળ નીચે ઉછર્યા છે. શરૂઆતમાં લેખક તેમની ભાવનગરની રેશમી કાપડની દુકાનમાં જોડાયા હતા પણ તેમના પિતાશ્રીના સ્વર્ગવાસ પછી શ્રી ફતેહચંદભાઇએ મુંબઇમાં રેશમના ધંધાની શરૂઆત કરી અને રેશમી કાપડના એક જાણીતા વ્યાપારી તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હાલ તેઓ નિવૃત્ત થયા છે અને પોતાનો સમય ધર્મધ્યાન અને સમાજ સેવામાં ગાળે છે. તેઓ અમારી સભાના લાઇફ મેમ્બર છે અને સભાની સાહિત્ય પ્રવૃત્તિમાં રસ લે છે.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

**મૂલ્ય માત્ર આઠ આના**

લખો :–**શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આભાર

શ્રી ઉંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૧૯ની સાલનાં કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આ અંકની સાથે છે. જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

<u>હમણાં બહાર પડી છે</u>

## પં. શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા

તથા

## પં. રૂપવિજયજીકૃત શ્રી પંચજ્ઞાનની પૂજા

આ બન્ને પૂજા અર્થ સાથે છપાવેલ છે અર્થમાં ઘણો વધારો કર્યો છે કે જે ખાસ ઉપયોગી છે તેની ખાત્રી વાંચવાથી થઇ શકે તેમ છે.

અમારી છપાવેલી અનેક અર્થ સહિત પૂજાઓમાં આ બુકથી વધારો થયો છે. કિંમત ૫૦ નયા પૈસા રાખી છે. પચાશના પ્રમાણમાં તે કિંમત ઓછી લાગે તેમ છે દરેક પૂજામાં રહસ્ય શું છે તે યથાશક્તિ સમજાવેલ છે.

**કિંમત ૫૦ નયા પૈસા**

**લખો : જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

<u>હમણાં બહાર પડી છે</u>

## શ્રી નવાણું પ્રકારી પૂજા (અર્થ સહિત)

પંડિત વીરવિજયજીકૃત આ પૂજા શ્રી સિદ્ધાચળના મહાત્મ્યગર્ભિત બહુ જ અસરકારક છે તેનું રહસ્ય સમજાવવા બનતો પ્રયાસ કર્યો છે. બીજી શ્રી પદ્મવિજયજીની કરેલી બહુધા અપ્રસિદ્ધ નવાણુંપ્રકારી પૂજા પણ દાખલ કરે છે ને મુનિશ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા જરૂરી અર્થ સાથે દાખલ કરી છે.

**કિંમત માત્ર ૫૦ નયા પૈસા**

**લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Reg. No. B. 156

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

પ્રકાશિત

## વાંચવા લાયક વિચારવા યોગ્ય સરલ પુસ્તકો

| | |
|---|---|
| મહેન્દ્રકુમારકોશની | ૨–૦–૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧–૮–૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭–૮–૦ |
| આદિનાથ ચરિત્ર | ૧–૮–૦ |
| આચારપ્રદીપ | ૦-૧૨-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧–૦–૦ |
| ઉપમીતિ પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| ગુણસ્થાનક્રમારોહ | ૦-૧૨-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩–૦–૦ |
| ઉપમીતિ ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫–૦–૦ |
| ,, ભાગ ૩ જો | ૫–૦–૦ |
| ,, ભાગ ૪ થો (સિદ્ધર્ષિ) | ૫–૦–૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧–૨ | ૬–૦–૦ |
| ,, પર્વ ૩–૬ | ૫–૦–૦ |
| જૈન રામાયણ પર્વ ૭ | ૪–૦–૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩–૮–૦ |
| ,, ભાગ ૩ જો | ૩–૦–૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨–૦–૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨–૮–૦ |
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦–૧૫–૦ |
| સુદર્શનાનાં સંસ્મરણો | ૧–૮–૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧–૮–૦ |
| સ્નાત્રપૂજાદિ સંગ્રહ | ૨–૦–૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧–૦–૦ |
| લલીત વિસ્તરા | ૬–૦–૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧–૧–૦ |
| ,, ભાગ ૯ | ૧–૮–૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨–૮–૦ |
| દાનધર્મ પંચાચાર | ૧–૦–૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨–૦–૦ |
| પ્રાકૃત ભાષા અને સાહિત્ય | ૬–૦–૦ |
| તાત્વિક લેખસંગ્રહ | ૨–૦–૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨–૮–૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ–ગિરનારની મહાયાત્રા | ૧–૮–૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧–૦–૦ |
| દેવવિનોદ | ૧–૦–૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧–૦–૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧–૮–૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩–૦–૦ |

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર